(Pl. send one copy to HARISHBHAI (sec.)) Thanks. Shailesh Shah
તા. ૪-૧-૦૭

# શ્રી સમયસાર

## કળશ ૧-૨-૩, ગાથા - ૧

**પ્રશ્ન-૧ ગ્રંથાધિરાજ સમયસારની રચના કોણે કરી છે ?**

જ. -૧ ગ્રથાંધિરાજ સમયસારની રચના ભગવાન શ્રી કુંદ કુંદાચાર્યદેવે કરી છે.

**પ્રશ્ન-૨ સમયસાર ગ્રંથ પર રચાયેલ પ્રસિદ્ધ ટીકાના નામ અને રચયિતા જણાવો ?**

જ.-૨ (૧) શ્રી આત્મખ્યાતિ ટીકા : શ્રી અમૃતચંદ્રાચાર્ય દેવ

(૨) શ્રી તાત્પર્યવૃત્તિ ટીકા : શ્રી જયસેન આચાર્ય દેવ

**પ્રશ્ન-૩ ગ્રંથની શરૂઆતમાં કઇ છ વસ્તુઓ આવે છે ?**

જ.-૩ મંગળ, નામ, નિમિત્ત, પ્રયોજન, પરિમાણ કર્તા એ છ વસ્તુ આવે છે.

**પ્રશ્ન-૪ શ્રી સમયસાર ગ્રંથમાં કેટલા અધિકાર છે ? કયા કયા ?**

જ.-૪ શ્રી સમયસાર ગ્રંથમાં નવ અધિકાર છે

(૧) જીવ - અજીવ અધિકાર (૨) કર્તા - કર્મ અધિકાર
(૩) પુણ્ય - પાપ અધિકાર (૪) આસ્રવ અધિકાર
(૫) સંવર અધિકાર (૬) નિર્જરા અધિકાર
(૭) બંધ અધિકાર (૮) મોક્ષ અધિકાર
(૯) સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર

**પ્રશ્ન-૫ શ્રી સમયસાર ગ્રંથની ટીકાનો ભાવાર્થ કોણે લખ્યો ?**

જ.-૫ પં.શ્રી જયચંદજી છાબડાએ શ્રી સમયસાર ગ્રંથની ટીકાનો ભાવાર્થ લખ્યો છે.

**પ્રશ્ન-૬ કળશ-૧ લખો**

જ.-૬ नमः समयसाराय स्वानुभूत्या चकासते ।
चित्स्वभावाय् भावाय् सर्वभावान्तरच्छिदे ॥

**પ્રશ્ન-૭ કળશ-૧નો હિન્દી પદ્યાનુંવાદ લખો**

જ.-૭ निज अनुभूति से प्रगट, चित्स्वभाव चिद्‌रुप ।
सकलज्ञेय ज्ञायक नमौ, समयसार सद्‌रुप ॥

**પ્રશ્ન-૮ કળશ-૧માં શ્રી અમૃતચંદ્રઆચાર્ય મંગળ અર્થે કોને નમસ્કાર કર્યો છે ?**

જ.-૮ કળશ-૧માં મંગળ અર્થે ઈષ્ટદેવ અર્થાત્ શુદ્ધાત્માને નમસ્કાર કર્યા છે.

**પ્રશ્ન-૯ શુદ્ધાત્માનું બીજુ નામ બતાવો ?**

જ.-૯ સમયસાર

**પ્રશ્ન-૧૦ સમયસાર અર્થાત્ શુધ્ધાત્માના વિશેષણો બતાવો ?**

જ.-૧૦ (૧) ભાવાય (૨) ચિત્‌સ્વભાવાય
(૩) સ્વાનુભૂત્યાચકાસતે (૪) સર્વભાવાન્તરચ્છિદે

**પ્રશ્ન-૧૧ ભાવાય વિશેષણનો અર્થ બતાવો ?**

જ.-૧૧ શુદ્ધસત્તા સ્વરૂપ વસ્તુ છે.

**પ્રશ્ન-૧૨ ચિત્‌સ્વભાવાય્ વિશેષણનો અર્થ બતાવો ?**

જ.-૧૨ જેનો સ્વભાવ ચેતનાગુણરૂપ છે.

**પ્રશ્ન-૧૩ સ્વાનુભૂત્યા ચકાસતે વિશેષણોનો અર્થ બતાવો ?**

જ.-૧૩ પોતાનીજ અનુભવનરૂપ ક્રિયાથી પ્રકાશે છે, અર્થાત પોતાને પોતાથી જ જાણે છે : પ્રગટ કરે છે.

**પ્રશ્ન-૧૪ સર્વભાવાન્તરચ્છિદે વિશેષણનો અર્થ બતાવો ?**
જ.-૧૪ પોતાથી અન્ય સર્વ જીવ-અજીવ, ચરાચર પદાર્થોને સર્વ ક્ષેત્રકાળ સંબંધી, સર્વ વિશેષણો સહિત, એક જ સમયે જાણનારો છે.

**પ્રશ્ન-૧૫ કળશ-૨ લખો**
જ.-૧૫ अनंतधर्मणस्तत्वं पश्यन्ती प्रत्यगात्मनः ।
अनेकान्तमयीमूर्ति नित्यमेव प्रकाशताम् ।।

**પ્રશ્ન-૧૬ કળશ-૨નો હિન્દી પદ્યાનુવાદ લખો**
જ.-૧૬ देखे पर से भिन्न, अगणित गुणमय आतमा ।
अनेकान्तमयमूर्ति, सदा प्रकाशित ही रहे ।।

**પ્રશ્ન-૧૭ કળશ-૨માં કોને નમસ્કાર કર્યા છે ?**
જ.-૧૭ કળશ-૨માં સરસ્વતીની મૂર્તિને આશીર્વચનરૂપ નમસ્કાર કર્યા છે.

**પ્રશ્ન-૧૮ અનેકાંતમયી મૂર્તિ કેવા આત્માને બતાવે છે ?**
જ.-૧૮ - જે આત્મતત્વ અનંત ધર્મવાળુ છે.
- જે પર દ્રવ્યો અને પરદ્રવ્યોના ગુણપર્યાયોથી ભિન્ન તથા પરદ્રવ્યોના નિમિત્તથી થતા વિકારોથી કથંચિત ભિન્ન એકાકાર છે.
એવા આત્માને અનેકાંતમયી મૂર્તિ બતાવે છે.

**પ્રશ્ન-૧૯ સરસ્વતીની યથાર્થ મૂર્તિ કોણ છે ?**
જ.-૧૯ જે સમ્યકજ્ઞાન છે તેજ સરસ્વતીની યથાર્થ મૂર્તિ છે.

**પ્રશ્ન-૨૦ આત્માને પ્રત્યક્ષ અને પરોક્ષ કોણ દેખે છે અને આત્માને કોણ દેખાડે છે ?**
જ.-૨૦ જેમાં સર્વ પદાર્થો પ્રત્યક્ષ ભાસે છે તે સંપૂર્ણજ્ઞાન તો કેવળજ્ઞાન છે જે અનંતધર્મો સહિત આત્માને પ્રત્યક્ષ દેખે છે.
- તે અનુસાર જે શ્રુતજ્ઞાન છે તે આત્માને પરોક્ષદેખે છે.
- દ્રવ્યશ્રુત જે વચનરૂપ છે કે જે વચન દ્વારા અનેક ધર્મવાળા આત્માને બતાવે છે.

**પ્રશ્ન-૨૧ આત્માનો અસાધારણ ગુણ ક્યો છે ?**
જ.-૨૧ આત્માના અનંતધર્મોમાં ચેતનપણું અસાધારણ ગુણ છે.

**પ્રશ્ન-૨૨ કળશ-૩ લખો**
જ.-૨૨ परपरिणतिहेतो र्मोह नाम्नोडनुभावा
दविरतमनुभाव्यव्याप्ति कल्माषितायाः ।।
मम परमविशुद्धिः शुद्धचिन्मात्रमूर्ते
र्भवतु समयसारव्यारव्ययैवानुभूतैः ।।

**પ્રશ્ન-૨૩ કળશ-૩ નો હિન્દી પદ્યાનુસાર લખો**
જ.-૨૩ यद्यपि मैं तो शुद्धमात्र चैतन्यमूर्ति हुँ ।
फिर भी परिणति मलिन हुई है मोहोदय से ।
परमविशुद्धि को पावे वह परिणति मेरी ।
समयसार की आत्मख्याति नामक व्याख्या से ।।

**પ્રશ્ન-૨૪ કળશ-૩ માં આચાર્ય દેવે શેની પ્રતિજ્ઞા કરી છે ?**
જ.-૨૪ કળશ-૩માં આચાર્યદેવે સમયસાર ગ્રંથની ટીકા કરવાની પ્રતિજ્ઞા કરી છે.

**પ્રશ્ન-૨૫ શ્રી સમયસારની ટીકાના ફળમાં આચાર્યદેવ શેની ઇચ્છા રાખે છે ?**
જ.-૨૫ શ્રી સમયસારની ટીકાના ફળમાં આચાર્યદેવ પરમવિશુધ્ધત્વની ભાવના ભાવે છે.

**પ્રશ્ન-૨૬ આચાર્યદેવે કળશ-૩માં વિશુદ્ધતા શબ્દ ન પ્રયોગ કરતાં પરમવિશુદ્ધિ શબ્દ કેમ પ્રયોગ કર્યો છે ?**
જ.-૨૬ કારણ કે આચાર્ય દેવની પરિણતીમાં ત્રણ કષાયના અભાવપૂર્વકની વિશુદ્ધતા તો વર્તી જ રહી છે માટે વિશુધ્ધતા શબ્દ નો પ્રયોગ ન કરતાં પરમવિશુદ્ધી પ્રયોગ કરેલ છે.

**પ્રશ્ન-૨૭** **સમયસાર ગાથા - ૧માં પ્રાકૃતમાં તથા ગુજરાતી હરિગીત લખો.**

જ.-૨૭ वंदितु सव्वसिद्धे धु मचलमणोवमं गदिं पत्ते ।
वोच्छामि समयपाहु मिणमो सुदकेवलीभणिदं ।।
ધ્રુવ, અચલને, અનુપમ ગતિ પામેલ સર્વ સિદ્ધને
વંદી કહું શ્રુતકેવળી કથિત આ સમયપ્રાભુત અહો.

**પ્રશ્ન-૨૮** **ગાથા-૧માં આચાર્યદેવે કોને નમસ્કાર કર્યા છે ?**

જ.-૨૮ ગાથા-૧માં આચાર્યદેવે મંગળઅર્થે સર્વસિદ્ધ ભગવંતોને નમસ્કાર કર્યા છે.

**પ્રશ્ન-૨૯** **ગાથા-૧માં આચાર્યદેવે શેની પ્રતિજ્ઞા કરી છે ?**

જ.-૨૯ ગાથા-૧માં આચાર્યદેવે સમયસાર નામના પ્રાભુતને કહેવાની પ્રતિજ્ઞા કરી છે.

**પ્રશ્ન-૩૦** **પંચમગતિ માટે ક્યા વિશેષણ બનાવ્યા છે ?**

જ.-૩૦ ધ્રુવ, અચલ અને અનુપમ એ ત્રણ વિશેષણ પંચમગતિના બતાવ્યા છે.

**પ્રશ્ન-૩૧** **ગાથાના ઉત્થાનિકામાં "અવતાર" શબ્દ શેના માટે પ્રયોગ કર્યો છે.**

જ.-૩૧ અવતાર શબ્દનો પ્રયોગ કલ્યાણના અર્થે કરવામાં આવે છે.

**પ્રશ્ન-૩૨** **આચાર્યદેવે અનંતસિધ્ધોની સ્થાપના શેમાં કરી છે ?**

જ.-૩૨ આચાર્યદેવે પોતાની તથા શ્રોતાઓની પર્યાયમાં અનંત સિધ્ધોની સ્થાપના કરી છે.

**પ્રશ્ન-૩૩** **આપણું સાધ્ય શું હોવું જોઇએ ?**

જ.-૩૩ પર્યાયમાં સિદ્ધદશા પ્રગટ કરવીએ આપણું સાધ્ય હોવું જોઈએ.

**પ્રશ્ન-૩૪** **પંચમગતિને અપવર્ગ કેમ કહે છે ?**

જ.-૩૪ ધર્મ-અર્થ અને કામ અ ત્રિવર્ગ કહેવાય છે, મોક્ષગતિ આ વર્ગમાં નહિ હોવાથી તેને અપવર્ગ કહે છે.

**પ્રશ્ન-૩૫** **અર્હતપ્રવચનનો અવયવ પ્રમાણતાને કેમ પામ્યો છે ?**

જ.-૩૫
- અનાદિનિધન પરમાગમ શબ્દબ્રહ્મ થી પ્રકાશિત હોવાથી
- સર્વજ્ઞથી પ્રણિત હોવાથી
- ગણધરદેવોએ કહેલ હોવાથી પ્રમાણતાને પામ્યો છે.

**પ્રશ્ન-૩૬** **આચાર્યદેવનો સમયસાર ગ્રંથની રચનાનો હેતુ શુ છે ?**

જ. -૩૬ આચાર્યદેવનો પોતાનો અને પરના મોહનો નાશ કરવાનો હેતું છે.

**પ્રશ્ન-૩૭** **શ્રી સમયસાર ગ્રંથના અભિધેય, સંબંધ અને પ્રયોજન બતાવો ?**

જ.-૩૭
- શુદ્ધાત્માનું સ્વરૂપ તે અભિધેય છે.
- તેના વાચક આ ગ્રંથમાં [redacted] શબ્દો છે, તેમનો અને શુધ્ધ આત્માનો વાચક-વાચ્ય સંબંધ તે સંબંધ છે.
- શુદ્ધાત્માના સ્વરૂપની પ્રાપ્તી તે પ્રયોજન છે.

# શ્રી સમયસાર ગાથા ૭ થી ૧૧
## પ્રશ્નોત્તર પેપર - 3 પરીક્ષા તારીખ :- / ૦૫/૦૭

### ગાથા - ૭

**પ્રશ્ન :- ૧ સમયસાર ગાથા - ૭ ગુજરાતી હરિગીત લખો ?**

જવાબ :- *ચારિત્ર, દર્શન, જ્ઞાન પણ વ્યવહાર કથને જ્ઞાનીને,*
*ચારિત્ર નહિ, દર્શન નહી, નહિ જ્ઞાન, જ્ઞાયક શુધ્ધ છે.*

**પ્રશ્ન :- ૨ દર્શન, જ્ઞાન, ચારિત્ર રૂપ ભેદભાવોથી આત્માને શું આવે છે ?**

જવાબ :- દર્શન, જ્ઞાન રૂપ ભેદભાવોથી આત્માને અશુધ્ધ પણું આવે છે .

**પ્રશ્ન :- ૩ અભેદમાં ભેદ ઉપજાવી કેવા શિષ્યજનને સમજાવવામાં આવે છે ?**

જવાબ :- અનંત ધર્મોવાળા એક ધર્મીમાં જે નિષ્ણાત નથી એવા નિકટવર્તી શિષ્યજનને અભેદમાં ભેદ ઉપજાવીને સમજાવવામાં આવે છે.

**પ્રશ્ન :- ૪ પરમાર્થથી જોવામાં આવે તો દ્રવ્ય કોને પીને બેઠું છે?**

જવાબ :- પરમાર્થથી જોવામાં આવે તો દ્રવ્ય અનંત પર્યાયોને અભેદરૂપે પીને બેઠું છે .

**પ્રશ્ન :- ૫ અભેદમાં ભેદ કરવામાં આવે છે તેથી તે શું છે ?**

જવાબ :- અભેદમાં ભેદ કરવામાં આવે છે તેથી તે વ્યવહાર છે.

**પ્રશ્ન :- ૬ પર્યાય પણ દ્રવ્યનો જ ભેદ છે અવસ્તુતો નથી, તો તેને વ્યવહાર કેમ કહી શકાય ?**

જવાબ :- એ તો ખરૂ છે , પણ અહી દ્રવ્યદૃષ્ટિથી અભેદને પ્રધાન કરી ઉપદેશ છે તેથી ભેદને ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે.

**પ્રશ્ન :- ૭ ભેદ દ્રષ્ટિમાં શું થતું નથી અને સરાગીને શું રહ્યા કરે છે ?**

જવાબ :- ભેદ દ્રષ્ટિમાં નિર્વિકલ્પ દશા થતી નથી અને સરાગીને વિકલ્પ રહ્યા કરે છે.

**પ્રશ્ન :- ૮ ભેદને ક્યાં સુધી ગૌણ કરીને અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવ્યો છે.**

જવાબ :- જયાં સુધી રાગાદિક મટે નહી ત્યાં સુધી ભેદને ગૌણ કરી અભેદરૂપે નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવ્યો છે.

**પ્રશ્ન :- ૯ વીતરાગ થયા બાદ શેનો જ્ઞાતા થઈ જાય છે ?**

જવાબ :- વીતરાગ થયા બાદ ભેદાભેદરૂપ વસ્તુનો જ્ઞાતા થઈ જાય છે.

**પ્રશ્ન :- ૧૦ વીતરાગ થયા બાદ શેનું આલંબન જ રહેતું નથી ?**

જવાબ :- વીતરાગ થયા બાદ નય નું આલંબન જ રહેતું નથી.

### ગાથા . ૮.

**પ્રશ્ન :- ૧૧ ગાથા - ૮ ગુજરાતી હરિગીત લખો ?**

જવાબ :- *ભાષા અનાર્ય વિના ન સમજાવી શકાય અનાર્ય ને,*
*વ્યવહાર વિણ પરમાર્થનો ઉપદેશ એમ અશક્ય છે.*

**પ્રશ્ન :- ૧૨ વ્યવહારીજન કયા શબ્દના વાચ્ય - વાચક સંબંધના જ્ઞાનથી રહિત છે?**

જવાબ :- વ્યવહારીજન " આત્મા" શબ્દના વાચ્ય - વાચક સંબધના જ્ઞાનથી રહિત છે.

**પ્રશ્ન :- ૧૩ વ્યવહારીજન " આત્મા" શબ્દનો અર્થ સમજવા કેવી રીતે જોઈ રહે છે ?**

જવાબ :- વ્યવહારીજન " આત્મા" શબ્દનો અર્થ સમજવા મેંઢાની જેમ આંખો ફાડીને ટગટગ જોઈ રહે છે .

**પ્રશ્ન :- ૧૪ " આત્મા " શબ્દનો અર્થ સુંદર રીતે સમજાતાં વ્યવહારીજનની શું સ્થિતિ થાય છે ?**

જવાબ :- " આત્મા " શબ્દનો અર્થ સુંદર રીતે સમજાતાં વ્યવહારીજનને અત્યંત આનંદઉત્પન થાય છે અને તેના હ્રદયમાં સુંદર બોધ તરંગો ઉછળે છે.

**પ્રશ્ન :- ૧૫ જગત કોના સ્થાને છે અને વ્યવહારનય કોના સ્થાને છે?**

જવાબ :- જગત મ્લેચ્છના સ્થાને છે અને વ્યવહારનય મ્લેચ્છ ભાષાના સ્થાને છે.

**પ્રશ્ન :- ૧૬ વ્યવહારનય શું કરવા યોગ્ય છે અને શું કરવા યોગ્ય નથી ?**

જવાબ :- વ્યવહારનય સ્થાપન કરવા યોગ્ય છે ~~અને~~ પણ અનુસરવા યોગ્ય નથી.

**પ્રશ્ન :- ૧૭ વ્યવહારનય શા માટે સ્થાપન કરવા યોગ્ય છે ?**

જવાબ :- વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક હોવાથી સ્થાપન કરવા યોગ્ય છે.

## ગાથા - ૯ - ૧૦

**પ્રશ્ન :- ૧૮ ગાથા ૯ - ૧૦ ગુજરાતી હરિગીત લખો ?**

જવાબ :- *શ્રુતથી ખરે જે શુધ્ધ કેવળ જાણતો આ આત્મને,*
*લોકપ્રદીપકરા ઋષિ શ્રુતકેવળી તેને કહે .- ૯*
*શ્રુતજ્ઞાન સૌ જાણે, જિનો શ્રુતકેવળી તેને કહે,*
*સૌ જ્ઞાન આત્મા હોઈ ને શ્રુતકેવળી તેથી ઠરે.*

**પ્રશ્ન :- ૧૯ પરમાર્થ શ્રુતકેવળી કોને કહે છે?**

જવાબ :- જે શ્રુતથી કેવળ શુધ્ધ આત્માને જાણે છે તે પરમાર્થ શ્રુતકેવળી છે.

**પ્રશ્ન :- ૨૦ વ્યવહાર શ્રુતકેવળી કોને કહે છે?**

જવાબ :- જે સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે તેને વ્યવહાર શ્રુત કેવળી કહે છે.

**પ્રશ્ન :- ૨૧ આકાશાદિ પાંચ દ્રવ્યો કે જે જડરૂપ અનાત્મા છે તેમનું કોની સાથે તાદાત્મય બનતું જ નથી ?**

જવાબ :- આકાશાદિ પાંચ દ્રવ્યો કે જે જડરૂપ અનાત્મા છે તેમનું જ્ઞાન સાથે તાદાત્મય બનતું જ નથી.

**પ્રશ્ન :- ૨૨ વ્યવહાર પોતાને કેવી રીતે દૃઢ પણે સ્થાપિત કરે છે ?**

જવાબ :- વ્યવહાર પોતાને પરમાર્થના પ્રતિપાદક પણાથી દૃઢ પણે સ્થાપિત કરે છે.

## ગાથા - ૧૧

**પ્રશ્ન :- ૨૩ ગાથા ૧૧ ગુજરાતી હરિગીત લખો.**

જવાબ :- *વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુધ્ધનય ભૂતાર્થ છે,*
*ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે.*

**પ્રશ્ન :- ૨૪ ગાથા ૧૧ માં કયા પ્રશ્નનો ઉત્તર છે ?**

જવાબ :- પહેલાં એમ કહ્યું હતું કે વ્યવહારને અંગીકાર ન કરવો, પણ જો તે પરમાર્થનો કહેનાર છે તો એવા વ્યવહારને કેમ અંગીકાર ન કરવો ? આ પ્રશ્નનો ઉત્તર ગાથા ૧૧ માં છે.

**પ્રશ્ન :- ૨૫ કયો જીવ નિશ્ચયથી સમ્યકદૃષ્ટિ છે?**

જવાબ :- જે જીવ ભૂતાર્થનો આશ્રય કરે છે તે નિશ્ચયથી સમ્યકદૃષ્ટિ છે.

**પ્રશ્ન :- ૨૬ કયો વ્યવહાર અભૂતાર્થ છે?**

જવાબ :- વ્યવહાર બધો ય અભૂતાર્થ છે.

**પ્રશ્ન :- ૨૭ વ્યવહારનય કોને પ્રગટ કરે છે ?**

જવાબ :- વ્યવહારનય અવિદ્યમાન, અસત્ય, અભૂત અર્થને પ્રગટ કરે છે.

**પ્રશ્ન :- ૨૮ ભૂતાર્થ કોણ છે ?**

જવાબ :- શુધ્ધનય એક જ ભૂતાર્થ છે.

**પ્રશ્ન :- ૨૯ શુધ્ધનય કોને પ્રગટ કરે છે ?**

જવાબ :- શુધ્ધનય વિદ્યમાન,સત્ય ,ભૂત અર્થને પ્રગટ કરે છે.

**પ્રશ્ન :- ૩૦ જ્ઞાયકભાવ કોને તિરોભૂત થયો છે ?**

જવાબ :- આત્મા અને કર્મનો વિવેક નહી કરનારા ,વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓને જ્ઞાયકભાવ તિરોભૂત થયો છે.

**પ્રશ્ન :- ૩૧ જ્ઞાયકભાવ કેવી રીતે આવિર્ભૂત થાય છે ?**

જવાબ :- જ્ઞાયકભાવ આત્મ-કર્મના વિવેકપણાથી, પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત થાય છે.

**પ્રશ્ન :- ૩૨ કયા જીવો કેવું અવલોકન કરતાં હોવાથી સમ્યકદૃષ્ટિ છે ?**

જવાબ :- જેઓ શુધ્ધનયનો આશ્રય કરે છે તેઓ જ સમ્યક અવલોકન કરતાં હોવાથી સમ્યકદૃષ્ટિ છે.

(૪)

**પ્રશ્ન :- ૩૩ અહીં કોને અભૂતાર્થ અને કોને ભૂતાર્થ કહ્યો છે ?**

જવાબ :- અહીં વ્યવહારનયને અભૂતાર્થ અને શુધ્ધનયને ભૂતાર્થ કહ્યો છે.

**પ્રશ્ન :- ૩૪ અભૂતાર્થ કોને કહે છે ?**

જવાબ :- જેનો વિષય વિદ્યમાન ન હોય , અસત્યાર્થ હોય તેને અભૂતાર્થ કહે છે.

**પ્રશ્ન :- ૩૫ વ્યવહારનયને અભૂતાર્થ કહેવાનો આશય શું છે ?**

જવાબ :- વ્યવહારનયને અભૂતાર્થ કહેવાનો આશય એવો છે કે શુધ્ધનયના વિષયની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી.

**પ્રશ્ન :- ૩૬ ભેદરૂપ કાંઈ વસ્તુ જ નથી એમ માનવામાં આવે તો શો દોષ આવે ?**

જવાબ :- ભેદરૂપ કાંઈ વસ્તું જ નથી એમ માનવામાં આવે તો વેદાંત મંતનો અભિપ્રાય આવે અને તેથી સર્વથા એકાંત શુધ્ધનયના પક્ષરૂપ મિથ્યાદૃષ્ટિ નો જ પ્રસંગ આવે.

**પ્રશ્ન :- ૩૭ જિનવાણી કેવી છે ? અને કેવી રીતે કહે છે ?**

જવાબ :- જિનવાણી સ્યાદવાદરૂપ છે અને પ્રયોજનવશ નયને મુખ્ય ગૌણ કરીને કહે છે.

**પ્રશ્ન :- ૩૮ પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ કયારથી છે ?**

જવાબ :- પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ અનાદિકાળથી જ છે .

**પ્રશ્ન :- ૩૯ વ્યવહારનો ઉપદેશ પરસ્પર કોણ કરે છે ?**

જવાબ :- વ્યવહારનો ઉપદેશ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.

**પ્રશ્ન :- ૪૦ જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ કેમ બહુ કર્યો છે ?**

જવાબ :- જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુધ્ધનયનો હસ્તાવલંબ જાણી બહુ કર્યો છે.

**પ્રશ્ન :- ૪૧ જિનવાણીમાં શુધ્ધનયનો ઉપદેશ મુખ્યતાથી કેમ દીધો છે ?**

જવાબ :- જિનવાણીમાં શુધ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણી એનો ઉપદેશ મુખ્યતાથી દીધો છે.

**પ્રશ્ન :- ૪૨ વ્યવહારનયના પક્ષનું ફળ શું છે ?**

જવાબ :- વ્યવહારનયના પક્ષનું ફળ સંસાર જ છે.

**પ્રશ્ન :- ૪૩ આ જીવને શેનો પક્ષ કદિ આવ્યો નથી ?**

જવાબ :- આ જીવને શુધ્ધનયનો પક્ષ કદિ આવ્યો નથી.

**પ્રશ્ન :- ૪૪ શુધ્ધનયનો ઉપદેશ કેવો છે? તથા તેના ગ્રહણનું ફળ શું છે ?**

જવાબ :- શુધ્ધનયનો ઉપદેશ વિરલ છે - કયાંક કયાંક છે તથા તેના ગ્રહણનું ફળ મોક્ષ છે.

**પ્રશ્ન :- ૪૫ કોનો આશ્રય કરવાથી સમ્યકદૃષ્ટિ થઈ શકાય છે ?**

જવાબ :- શુધ્ધનય ભૂતાર્થ છે,સત્યાર્થ છે એનો આશ્રય કરવાથી સમ્યકદૃષ્ટિ થઈ શકાય છે .

**પ્રશ્ન :- ૪૬ વ્યવહારમાં મગ્નજીવની શું સ્થિતી છે ?**

જવાબ :- જયાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે ત્યાં સુધી આત્માના જ્ઞાન શ્રધ્ધાનરૂપ નિશ્ચય સમ્યકત્વ થઈ શકતું નથી.

**પ્રશ્ન :- ૪૭ ગાથા ૧૧ પ્રાકૃતમાં લખો ?**

જવાબ :- ***ववहारोअभूदत्थो भूदत्थो देसिदो दु शुध्धणओ ।***
***भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो ॥***

# શ્રી સમયસાર પ્રશ્નોત્તર પેપર – ૨

વિષય : ગાથા ૨ થી ૬ — તા. : 19 /૨/૨૦૦૭
સમય : રાત્રે ૮.૩૦ કલાકે (પ્રવચન પછી) — સોમવાર

પ્ર–૧ 'સમયસાર' ગાથા ૨ ગુજરાતી હરિગીત લખો.

જ–૧ જીવચરિત દર્શનજ્ઞાન સ્થિત સ્વસમય નિશ્ચય જાણવો.,
સ્થિત કર્મપુદ્ગલના પ્રદેશે પરસમય જીવ જાણવો.

પ્ર–૨ ગાથા ૨ પ્રમાણે "સમય" શબ્દનો અર્થ બતાવો.

જ–૨ જે વસ્તુમાં એક જ સમયે જાણવું અને પરિણમન કરવું એ બન્ને ક્રિયાઓ જોવામાં આવે તેને સમય કહે છે.

પ્ર–૩ જીવ નામના પદાર્થને "સમય" કેમ કહે છે?

જ–૩ જીવ નામના પદાર્થમાં એક જ સમયે જાણવું અને પરિણમન કરવું એ બન્ને ક્રિયાઓ જોવામાં આવે છે તેથી તેને સમય કહે છે.

પ્ર–૪ જીવ નામના પદાર્થને સાત વિશેષણથી સ્પષ્ટ કરો ?

જ–૪ (૧) ઉત્પાદ વ્યય ધ્રુવ યુકત સતા સહિત છે.
(૨) જ્ઞાન–દર્શન સ્વરૂપ ચૈતન્ય સ્વભાવી છે.
(૩) અનંત ધર્માત્મક એક અખંડ દ્રવ્ય છે.
(૪) અક્રમવર્તી ગુણો તેમજ ક્રમવર્તી પર્યાયોથી યુકત છે.
(૫) સ્વ પર પ્રકાશક સામર્થ્યથી યુકત હોવાથી અનેકાકાર હોવા છતાં પણ એકરૂપ છે.
(૬) પોતાના અસાધારણ ચૈતન્યસ્વભાવના સદભાવ તેમજ પરદ્રવ્યોના અભાવને કારણે પરદ્રવ્યોથી ભિન્ન છે.
(૭) અનંત દ્રવ્યો સાથે એક ક્ષેત્રાવગાહરૂપ હોવા છતાં પણ પોતાના સ્વભાવથી નહી છૂટવાથી જે ટંકોત્કીર્ણ ચૈતન્યસ્વભાવરૂપ છે.

પ્ર–૫ જીવ નામના પદાર્થને સ્વસમય કયારે કહેવાય છે ?

જ–૫ જયારે આ આત્મા દર્શન–જ્ઞાન–ચારિત્રમાં સ્થિત હોય ત્યારે તેને સ્વસમય કહેવાય છે.

પ્ર–૬ જીવ નામના પદાર્થને પરસમય કયારે કહેવાય છે ?

જ–૬ જયારે આ આત્મા પુદ્ગલ કર્મના પ્રદેશમાં સ્થિત હોય ત્યારે તેને પરસમય કહેવાય છે.

પ્ર–૭ સમયસાર ગાથા – ૨ માં કયા જીવદ્રવ્યની વાત છે.

જ–૭ સમયસાર ગાથા – ૨ માં પ્રમાણના વિષયભૂત જીવદ્રવ્યની વાત છે.

પ્ર–૮ સમયસાર ગાથા – ૩ ગુજરાતી હરિગીત લખો.

જ–૮ એકત્વ નિશ્ચય ગત સમય સર્વત્ર સુંદર લોકમાં,
તેથી બને વિખવાદિની બંધનકથા એકત્વમાં.

પ્ર–૯ ગાથા ૩ પ્રમાણે "સમય" કોને કહે છે ?

જ–૯ જે એકત્વપૂર્વક પોતાના ગુણ – પર્યાયોને પ્રાપ્ત થઈને પરિણમન કરે તેને સમય કહે છે.

પ્ર–૧૦ ગાથા – ૩ પ્રમાણે જગતમાં "સમય" નામના પદાર્થ કેટલા છે ?

જ–૧૦ ગાથા – ૩ પ્રમાણે જીવ–પુદ્ગલ–ધર્મ, અધર્મ, આકાશ અને કાળ તે બધાય દ્રવ્ય "સમય" નામના પદાર્થ છે.

પ્ર-૧૧ "સમય" નામના પદાર્થ કેવા છે તે ચાર વિશેષણથી સ્પષ્ટ કરો.

જ-૧૧ ૧. પોતાના દ્રવ્યમાં રહેલા પોતાના અનંત ધર્મોના સમૂહને ચુંબે છે, સ્પર્શે છે. પરંતુ જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતાં નથી.

૨. અત્યંત નિકટ એકક્ષેત્રાવગાહરૂપે રહયા છે તો પણ જેઓ પોતાના સ્વરૂપથી પડતા નથી.

૩. પરરૂપે નહિ પરિણમવાને લીધે જેઓ ટંકોત્કીર્ણ સ્થિત રહે છે.

૪. સમસ્ત વિરૂધ્ધ કાર્ય તથા અવિરૂધ્ધ કાર્યના હેતુપણાથી જેઓ હંમેશા વિશ્વને ઉપકાર કરે છે. ટકાવી રાખે છે.

પ્ર-૧૨ ગાથા – ૪ ગુજરાતી હરિગીત લખો

જ-૧૨ શ્રુત, પરિચિત, અનુભૂત સર્વને કામભોગ બંધનની કથા,

પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભના.

પ્ર-૧૩ કામ-ભોગ બંધનની કથા સુલભ કેમ છે ?

જ-૧૩ કામ-ભોગ બંધનની કથા આ જીવને પૂર્વે અનંતવાર પરિચયમાં આવી છે. અનંતવાર સાંભળવામાં આવી છે. અને અનંતવાર અનુભવમાં આવી છે. માટે સુલભ છે.

પ્ર-૧૪ કામ-ભોગ બંધનની કથા કેવી છે ?

જ-૧૪ કામ-ભોગ બંધનની કથા જીવનું અત્યંત બુરું કરનારી છે.

પ્ર-૧૫ ગાથા – ૫ ગુજરાતી હરિગીત લખો.

જ-૧૫ દર્શાવું એક વિભકત એ, આત્મા તણા નિજ વિભવથી,

દર્શાવું તો કરજો પ્રમાણ, ન દોષ ગ્રહસ્ખલના યદિ.

પ્ર-૧૬ ગાથા-૫ મુજબ આચાર્યદેવે સમયસાર ગ્રંથમાં શેનો વ્યવસાય કર્યો છે ?

જ-૧૬ ગાથા-૫ મુજબ આચાર્યદેવે સમયસાર ગ્રંથમાં એકત્વ-વિભકત ભગવાન આત્માને બતાવવાનો વ્યવસાય કર્યો છે.

પ્ર-૧૭ આચાર્યદેવને નિજ વૈભવનો જન્મ શેનાથી થયો છે ?

જ-૧૭ આચાર્યદેવને નિજ વૈભવનો જન્મ

૧. આગમનું સેવન ૨. યુકિતનું અવલંબન ૩. પર-અપર ગુરુનો ઉપદેશ ૪. સ્વાનુભવથી થયો છે.

પ્ર-૧૮ આચાર્યદેવે આત્માને શેનાથી પ્રમાણ કરવાનું કહયુ છે ?

જ-૧૮ આચાર્યદેવે આત્માને સ્વાનુભવથી પ્રમાણ કરવાનું કહયુ છે.

પ્ર-૧૯ શ્રી સમયસાર ગાથા-૬ ગુજરાતી હરિગીત લખો.

જ-૧૯ નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયક ભાવ છે,

એ રીતે "શુધ્ધ" કથાય ને જે જ્ઞાત તે તો તેજ છે.

પ્ર-૨૦ ગાથા-૬ માં કયા આત્માને બતાવવામાં આવ્યો છે ?

જ-૨૦ ગાથા-૬ માં દ્રષ્ટિના વિષયભૂત ભગવાન આત્માને બતાવવામાં આવ્યો છે.

પ્ર-૨૧ પ્રમત્ત અને અપ્રમત્ત શબ્દનો અર્થ બતાવો ?

જ-૨૧ પ્રમત્ત – ૧ થી ૬ ગુણસ્થાન તે પ્રમત્ત છે.

અપ્રમત્ત – ૭ થી ૧૪ ગુણસ્થાન અપ્રમત્ત છે.

પ્ર–૨૨ ગાથા–૬ માં આત્માને પારિમાણિક ભાવ ન કહેતાં જ્ઞાયકભાવ કેમ કહયો છે ?

જ–૨૨ કારણ કે પારિણામિક ભાવતો બધા દ્રવ્યોમાં સમાન રીતે મળી આવે છે. પરંતુ જ્ઞાયકભાવ આત્માનો અસાધારણ ભાવ છે તેથી આત્માને જ્ઞાયકભાવ કહયો છે.

પ્ર–૨૩ જ્ઞાયકભાવ અનાદિ–અનંત કેમ છે ?

જ–૨૩ જ્ઞાયકભાવ કોઈથી ઉત્પન્ન નહિ થયો હોવાથી અનાદિ છે. અને કદી નાશ નહિ પામતો હોવાથી અનંત છે.

પ્ર–૨૪ જ્ઞાયકભાવ ક્ષણિક કેમ નથી ?

જ–૨૪ જ્ઞાયકભાવ નિત્યઉદ્યોતરૂપ હોવાથી ક્ષણિક નથી.

પ્ર–૨૫ "સ્પષ્ટ પ્રકાશમાન જયોતિ છે " શબ્દનો અર્થ બતાવો ?

જ–૨૫ પોતે પોતાને જ્ઞાનમાં સ્પષ્ટ પ્રત્યક્ષ જણાય એવી ચૈતન્યજયોતિ પોતે છે.

પ્ર–૨૬ બંધ પર્યાયની અપેક્ષાએ જ્ઞાયકભાવ અને પુદગલકર્મોને કેવો સંબંધ છે ?

જ–૨૬ બંધ પર્યાયની અપેક્ષાએ જ્ઞાયકભાવ અને પુદગલકર્મોને ક્ષીર–નીરની જેમ એકક્ષેત્રાવગાહ રૂપ સંયોગ સંબંધ છે.

પ્ર–૨૭ જ્ઞાયકભાવ પ્રમત્ત અને અપ્રમત્ત કેમ નથી ?

જ–૨૭ જ્ઞાયકભાવ શુભ અને અશુભ ભાવરૂપે પરિણમતો નથી માટે પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી.

પ્ર–૨૮ જ્ઞાયકભાવને કેવી રીતે શુધ્ધ કહેવાય છે ?

જ–૨૮ જ્ઞાયકભાવને સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી ભિન્ન પણે ઉપાસવામાં આવતો શુધ્ધ કહેવાય છે.

પ્ર–૨૯ આત્માને જ્ઞાયક કેમ કહે છે ?

જ–૨૯ જ્ઞેયાકાર થવાથી અર્થાત્ જ્ઞેયોને જાણવારૂપે પરિણમન થવાથી આત્માને જ્ઞાયક કહેવાય છે.

પ્ર–૩૦ શું ફકત પરજ્ઞેયોને જાણવાને કારણે જ આત્માને જ્ઞાયક કહે છે ?

જ–૩૦ ના. આત્માનો સ્વ–પર પ્રકાશક સ્વભાવ હોવાથી સ્વ–જ્ઞેયને જાણવાની અપેક્ષાએ પણ તે જ્ઞાયક જ છે.

પ્ર–૩૧ જ્ઞાનને જ્ઞેયાકાર કેમ કહેવાય છે ?

જ–૩૧ જ્ઞાનને જ્ઞેયાકાર કહેવું એ કથન માત્ર ઉપચાર છે એટલે કે અમુક જ્ઞાન પર્યાયનું જ્ઞેય અમુક પદાર્થ બન્યુ છે, અન્ય પદાર્થ નહી, તે બતાવવા માટે જ્ઞાનને જ્ઞેયાકાર કહે છે.

પ્ર–૩૨ જ્ઞાનને જ્ઞેયકૃતઅશુધ્ધતા કેમ નથી ?

જ–૩૨ જ્ઞાન – જ્ઞેય થી થતું નથી અને જ્ઞાન – જ્ઞેયરૂપ પણ થતું નથી માટે જ્ઞાનને જ્ઞેયકૃત અશુધ્ધતા નથી.

પ્ર–૩૩ જ્ઞેયાકાર અવસ્થામાં જે જ્ઞાયક પણે જણાયો તે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં કયા રૂપે જણાય છે ?

જ–૩૩ જ્ઞાયકરૂપે જ જણાય છે.

પ્ર–૩૪ શુધ્ધ નયનો ઉપદેશ કેમ પ્રધાન છે ?

જ–૩૪ શુધ્ધ નયનો ઉપદેશ દુઃખ મટાડવાને માટે પ્રધાન છે.